ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં સાંજે અડધા કલાકમાં એક ઈંચ વરસાદ

**છેલ્લા બે ચાર દિવસથી આકરો ઉકળાટ અનુભવતા નગરજનોને આગમનથી ઠંડક વળી : બે સપ્તાહના વિરામ બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી : સિઝનનો ૨૭ ઇંચ વરસાદ : સેક્ટરોમાં વરસાદી સમસ્યાઓ પુન : જીવિત થઇ : ઉકળાટથી પરસેવે પલળતા નગરજનોએ વરસાદમાં ભીંજાવાની મજા લીધી**







ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી વરસાદે વિરામ લીધો હતો બે દિવસ અગાઉ પણ વરસાદ માત્ર છાંટણા વરસાવી અદ્રશ્ય થઇ જતા છેલ્લા કેટલાક દિવસોથી શહેરીજના અસહ્ય ઉકળાટથી તોબા પોકારી ગયા છે. આજે પણ સવારથી જ વાતાવરણમાં અસહ્ય બફારાથી નગરજનો ત્રસ્ત બન્યા હતા જયારે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં ગોરંભાયેલા કાળા ડિબાંગ વાદળો વચ્ચે વાદળ ગર્જના અને વિજકડાકા સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ સુસવાટા મારતા ઠંડા પવન સાથે અડધા થી પોણા કલાક સુધી ધોધમાર વરસાદ વરસતા પલવારમાં જ ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. શહેરમાં એક ઇંચ વરસાદ વરસ્યો હતો. ગરમીથી ત્રસ્ત નગરજનોએ વરસાદી મોસમની મજા માંણી હતી. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાયા હતા. વરસાદી સાંજ નિખરતા વાતાવરણમાં પણ ઠંડક પ્રવર્તી હતી જેના લીધે નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. શહેરમાં સિઝનનો અત્યાર સુધી ૨૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં આજે બે સપ્તાહના અંતે મેઘરાજા મનમુકીને વરસી પડયા હતા. દિવસના ઉકળાટ બાદ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક રીતે પલ્ટો જોવા મળ્યો હતો આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા જયારે સુસવાટા મારતા પવન વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. મેઘગર્જના અને વિજ કડાકા સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. વરસાદ એકધારો ધમાકેદાર વરસતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે વરસતા વરસાદ વચ્ચે વિજ ચમકારા અને વાદળ ગર્જનાથી મેઘ ગાજયુ હતુ. વરસાદનુ જોર વધુ હોવાથી જાણે મેઘરાજા રાત સુધી વરસશે તેમ લાગતુ હતુ જો કે અડધા થી પોણા કલાક સતત વરસાદનુ ઝાપટુ વરસતા રહેતા નગરમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાતા જોવા મળ્યા હતા. વરસાદના તોફાની મિજાજના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટથી નગરજનો તોબા પોકારી ગયા હતા જયારે આજે પણ સવારથી જ વાતાવરણમાં અસહ્ય ગરમી વર્તાતી હતી એકબાજુ ભાદરવો તપતા દિવસની ગરમી અસહ્ય બની રહી છે. દિવસનુ મહત્તમ તાપમાન પણ ૩૩ ડીગ્રીની આસપાસ રહે છે. જેના લીધે દિવસે આકરો તાપ પણ નગરજનો માટે બેચેનીનુ કારણ બન્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી નજીક પહોંચી ગયુ હતુ. જયારે આજે પણ દિવસ દરમિયાન વધતા ભેજના પ્રમાણ વચ્ચે ઉકળાટનુ પ્રમાણ વધુ રહ્યુ હતુ. દિવસે પરસેવે નિતરતી ગરમીથી અકળાયેલા નગરજનો વરસાદની વાટે હતા જયારે સાંજના સમયે અચાનક જ વાતાવરણ પલ્ટાના અંતે વાદળ ગર્જના અને વિજ કડાકા સાથે મેઘસવારી આવી પહોંચતા પલવારમાં જ શહેરમાં પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં માત્ર અડધા થી પોણા કલાકમાં જ એક ઈંચ વરસાદ વરસ્યો હતો. સેકટરોના આંતરિક વિસ્તાર સહીત મુખ્યમાર્ગો પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેના લીધે નગરનુ જનજીવન પણ વરસાદથી પ્રભાવિત જોવા મળ્યુ હતુ. શહેરમાં છેલ્લા બે સપ્તાહથી વરસાદે વિરામ લીધો હતો જયારે વરસાદના બારે ઝાપટાના અંતે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પુન : જીવિત થઈ હતી. વરસાદના ભારે ઝાપટાના લીધે માર્ગો પર કેટલાક ઠેકાણે વાહનચાલકો પણ અટવાયા હતા. સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાતા ઠેર ઠેર પાણીનો ભરાવો જોવા મળ્યો હતો જયારે જયાં પણ ખોદકામ થયુ હતુ તેવા ઠેકાણે માટી પોલાણ થતા વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે જોખમી સ્થિતિ સર્જાઇ હતી. વરસાદી સાંજ નિખરતા શહેરમાં ગરમીનો પારો પણ ગઈકાલની સાપેક્ષમાં ૩ ડીગ્રી નીચે ગગડયો હતો. જયારે લઘુત્તમ તાપમાનમાં પણ એક ડીગ્રીની ગિરાવટ જોવા મળી હતી. શહેરમાં સાંજના સમયે ભેજનુ પ્રમાણ ૯૭ ટકા રહ્યુ હતુ. વરસાદી સાંજ નિખરતા નગરમાં ઠંડક પ્રવર્તી હતી. દિવસના અસહ્ય ઉકળાટ બાદ સાંજે વાતાવરણમાં ઠંડક પ્રવર્તતા નગરજનોએ હાંશકારો અનુભવ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૬૫૦ મી મી વરસાદ થયો હતો જયારે આજે પણ ૨૪ મી મી વરસાદ નોંધાતા હવે સિઝનનો વરસાદ કુલ ૬૭૪ મી મી થયો છે. અલબત્ત શહેરમાં ચોમાસાના સરેરાશ વરસાદની સાપેક્ષમાં પુરતો વરસાદ થઈ ગયો છે.

**ઉકળાટ બાદ સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક રીતે પલ્ટો જોવા મળ્યો હતો આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઇ આવ્યા હતા જયારે સુસવાટા મારતા પવન વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો.**

## કલોલ-દહેગામ-ગાંધીનગરમાં સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૦

અરબી સમુદ્રમાં ઉભી થયેલ લૉ પ્રેશર સિસ્ટમને પગલે આજે જિલ્લાના ત્રણ તાલુકામાં આજે બપોરથી સાંજના ૭ વાગ્યા સુધીમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

આજે થયેલો વરસાદ ખેડૂતો માટે કાચા સોના જેવો પુરવાર થયો છે. અસહ્ય ગરમી પછી જમીનમાં પુનઃ ભેજ પ્રસ્થાપિત થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ગત તા. ૨ સપ્ટેમ્બરના રોજ કલોલ તાલુકામાં ૬ મી.મી. વરસાદ નોંધાયા બાદ આજે જિલ્લાના દહેગામ, ગાંધીનગર અને કલોલમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આજે દહેગામમાં બપોરના ૨ થી ૪ ના ગાળામાં દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. દહેગામમાં ૩૨ મી.મી. વરસાદ સાંજે ૭ વાગ્યા સુધીમાં નોધાયો હતો. કલોલમાં ૨૮ મી.મી. અને ગાંધીનગરમાં ૩ થી ૬ દરમ્યાન જ ૨૩ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં ચોમાસાની આ સિઝન દરમ્યાન ૮૬ ટકા સિઝનનો વરસાદ નોંધાયો છે. શનિવારની સવારે ૬ વાગ્યા સુધીમાં દહેગામાં ૭૫૭ મી.મી., ગાંધીનગરમાં ૪૯૩ મી.મી., કલોલમાં ૭૪૧ મી.મી. અને માણસામાં ૬૪૦ મી.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં આ વખતે ખંડીય વૃષ્ટી વધુ જોવા મળી છે અને વરસાદની પેટર્નમાં આવેલા બદલાવને પગલે ખેતીની પેટર્નમાં પણ બદલાવ જોવા મળ્યો છે જે નોંધનીય છે.

## શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા : અન્ડરપાસમાં પાણી ભરાતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા

શહેરમાં ભારે ઉકળાટ બાદ શનિવારે બપોરે ભારે વરસાદ વરસતા શહેરીજનોએ ગરમીથી રાહતના શ્વાસ લીધા હતા. પરંતુ આ ભારે વરસાદના કારણે શહેરીજનોને હાલાકી પણ પડી હતી. ઠેર-ઠેર અઢળક પાણી ભરાઈ જવાથી વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. શહેરના અંડરપાસમાં પાણી ભરાઈ ગયા હતા. મોટા ભાગના શહેરના માર્ગો પર પાણીનો ભરાવો થઈ જતા ટુ વ્હીલર વાહનચાલકોને મુશ્કેલી અનુભવાઈ હતી. પાણી ભરાવાથી માર્ગો પર ટ્રાફિક જામના દૃશ્યો પણ સર્જાયા હતા. બીજો શનિવાર હોવાથી શહેરમાં રજાનો માહોલ પણ હતો જેના કારણે બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો પરંતુ વરસાદની પધરામણી થતા બજારોમાં ખરીદી માટે નીકળેલા શહેરીજનો અટવાઈ ગયા હતા.

## સે. ૨૩નો યુવાન અને સે. ૫ની ગૃહીણી સ્વાઈન ફ્લુમાં સપડાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના આજે વધુ ૨ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭૫ થઈ છે.

શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો સતત વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. આ સ્વાઈન ફ્લુ અત્યંત ચેપી માનવામાં આવે છે તેથી લોકોને પણ સતર્કતા સાથે સાવચેતી રાખવા તંત્રએ અપીલ કરી છે.

આજે નોંધાયેલા બે કેસમાં એક મહિલા દર્દી અને એક યુવાનનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૩માં ૨૩ વર્ષીય યુવાનનો અને સે. ૫ માં ૫૧ વર્ષીય ગૃહિણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

સ્વાઈન ફ્લુમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રએ કર્યો છે. જે ૮૦ ટકાથી વધુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધી ૧૬ કેસ નોંધાયા છે. આમ શહેર-જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો ૧૦૦ની નજીક પહોંચ્યા છે.

## હવાના પ્રદૂષણથી બચો અને સ્વસ્થ રહો અંગે કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૧૦

કલાઈમેન્ટ ચેન્જ અને માનવ આરોગ્યના ત્રીજા આંતરરાષ્ટ્રીય દિવસની ઉજવણી અંતર્ગત પર્યાવરણ બચાવવા તથા હવાનું પ્રદૂષણ અટકાવવાના વિવિધ કાર્યક્રમોનું આયોજન જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ૭ થી ૧૦ સપ્ટેમ્બર દરમ્યાન કરવામાં આવ્યું છે.

''ધી એર વી શેર'' થીમ આધારિત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓને પર્યાવરણલક્ષી હવા પ્રદૂષણનું માર્ગદર્શન આપવા ઉપરાંત વિવિધ કોમ્યુનીટી કક્ષાએ ગૃપ બેઠકો જેમાં પર્યાવરણ બચાવવા માટેના વિવિધ પગલાંઓની જાણકારી આપવામાં આવી હતી.

જિલ્લામાં હવા પ્રદૂષણથી બચવા માટે જનજાગૃતિ અભિયાન છેડવામાં આવ્યુ છે. ખાસ કરીને સવારે અને સાંજે હવામાં પ્રદૂષણ વધારે હોવાથી ફરવા નીકળવાનું ટાળવુ જોઈએ, વધારે પડતી પ્રદૂષિત જગ્યાઓ પર ન જવુ જેવી જાણકારી આપવા આવી હતી.


### બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી ગં. સ્વ. **ઈલાબેન વિનોદચંદ્ર ત્રિવેદી**નું તા. ૭/૯/૨૦૨૨ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૨/૯/૨૦૨૨ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમિયા માતાજી સંસ્થાન હોલ, કલેક્ટર કચેરી સામે, સીવીલ હોસ્પિટલની બાજુમાં, સેક્ટર-૧૨, ગાંધીનગર**

**જીતેન્દ્ર વિનોદચંદ્ર ત્રિવેદી**
**મો. ૯૪૦૮૫ ૯૧૨૬૨, ૯૯૧૩૪ ૩૭૭૫૯**

**સ્વ. વિનોદચંદ્ર શંકરલાલ ત્રિવેદી** — **હેતલ જીતેન્દ્ર ત્રિવેદી**
**બિપીનચંદ્ર શંકરલાલ ત્રિવેદી** — **કુમુદ એસ. યાજ્ઞિક**
**મહેશભાઈ શંકરલાલ ત્રિવેદી** — **જયશ્રી ટી. ત્રિવેદી**
**કિશોરભાઈ શંકરલાલ ત્રિવેદી** — **હેમલત્તા બી. ભટ્ટ**
**સ્વ. મુકેશભાઈ શંકરલાલ ત્રિવેદી** — **વૈશાલી એમ. ગોર**
**ધ્રુવ જીતેન્દ્ર ત્રિવેદી** — **ધ્વનિ જીતેન્દ્ર ત્રિવેદી**


## જિલ્લા પંચાયતે ૧૫મા નાણાંપંચના સૂચવેલા ૨૯ કામો ના-મંજૂર કરતા વિકાસ કમિશનર

**રૂ. ૧.૪૦ કરોડના કામો ના મંજૂર થયા : .યુ.જી.વી.સી.એલ. સાથે બેઠક અધિકારીકક્ષાએ ના થતાં પણ કામો શરૂ થયા નથી**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા સૂચવવામાં આવેલ વિવિધ વિકાસ કામો પૈકી રૂ.૧ કરોડ ૪૦ લાખના કામો વિકાસ કમિશનરની કચેરી દ્વારા નામંજૂર કરવામાં આવ્યા છે.

૧૫મા નાણાંપંચમાંથી ૧૦ ટકા બેઝીક ગ્રાન્ટ જિલ્લાકક્ષાએ વિકાસ કામો માટે ફાળવવામાં આવતી હોય છે. આ કામો સરકારે નિયત કરેલ ગાઈડલાઈન પ્રમાણેના ના હોવાથી રદ કરવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતે સૂચવેલા કામોમાંથી ૨૯ જેટલા કામો ના મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં ૧૪ જેટલા કામો અનટાઈડ ગ્રાન્ટમાંથી અને ૧૫ જેટલા કામો ટાઈડ ગ્રાન્ટમાંથી કરવા માટે સૂચવવામાં આવ્યા હતા જે ના મંજૂર થતાં તંત્રમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લામાં ૧૫મા નાણાંપંચના કામો અટવાયેલા પડ્યા છે તે અંગે વારંવાર અખબારી અહેવાલો પ્રસિદ્ધ થયા છે પણ તંત્ર દ્વારા કોઈજ ઈનીસીએટીવ ન લેવાતા અને યોગ્ય જાણકારી સભ્યોને ન અપાઈ હોવાની વાતો ચર્ચામાં આવી છે.

ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેના મતભેદોના પડઘા તેમજ તેની વિપરીત અસરો વહીવટીતંત્ર પર પડવા પામી છે.

૨૦૨૨-૨૩ના વર્ષનો જિલ્લાને એક જ હપ્તો ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટનો મળ્યો છે. જિલ્લામાં અગાઉ લાઈટના અને અન્ય જે કામો સૂચવવામાં આવ્યા હતા તેમાં યુ.જી.વી.સી.એલ. અને તંત્રના અધિકારીઓ વચ્ચે બેઠક જ ન યોજાતા હજુ સુધી કરોડોના કામ શરૂ થઈ શક્યા નથી.

જિલ્લામાં અધિકારીઓ કામ કરવાથી પોતાને અળગા કેવી રીતે રહી શકાય અને ચૂંટાયેલી પાંખ સાથે વધુ સંઘર્ષ ટાળવાને લઈ જે ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે તેને કારણે જિલ્લામાં છેલ્લા બે વર્ષથી વિકાસના કામો ટલ્લે ચડ્યા છે.

## શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા : શહેરમાં ૩ કેસ

**ગાંધીનગર ગ્રામ્યમાં એક અને કલોલમાં બે કેસ મળ્યા : સે. ૨૯માં બે, સે. ૧ માંથી ૧ કેસ મળી આવ્યો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસ બાદ કોરોનાના વધુ ૩ કેસ સામે આવ્યા છે. જ્યારે ગાંધીનગર શહેરમાં સતત બીજે દિવસે કોરોનાના નવા ૩ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોના સંક્રમણમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી હોવાથી તંત્રની ચિંતાઓ યથાવત રહી છે. કોરોનાના હળવા લક્ષણો દર્દીઓમાં જોવા મળી રહ્યા છે પણ જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં પણ અંતરિયાળ ગામો સુધી પહોંચ્યુ હોવાથી તંત્ર ચિંતીત છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૩ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ કલોલમાં અને એક કેસ ગાંધીનગરમાં નોંધાયો છે. ગાંધીનગર અને કલોલ તાલુકા અગાઉની કોરોના લ્હેર વખતે પણ સંવેદનશીલ રહ્યા હતા. આજે ત્રણેય દર્દી પુરૂષ દર્દી છે.

ગાંધીનગર તાલુકાના માધવગઢ ગામે ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલના મોટી ભોંયણ ગામે ૫૫ વર્ષીય પુરૂષનો અને રાંચરડા ગામે ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે બે દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૫૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૩ કેસ કોરોનાના નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દી છે. આજે નોંધાયેલા દર્દી પણ લોકલ ટ્રાન્સમિશનથી સંક્રમિત થયાનું જાણવા મળેલ છે.

આજે શહેરના સે. ૨૯માં બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. તો સે. ૧માં ૬૬ વર્ષીય પુરૂષનો

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર ડેપોના પોકેટમાં નવી બે બસો આવી હજુ ૧૫ ડિઝલ બસો ફાળવવામાં આવશે

**અગાઉ ડેપોને ૧૭ બસો આપવામાં આવી હતી : ડેપોમાં હાલ શહેરી બસ સેવાના વિવિધ રૂટમાં ૮૪ બસોના આધારે કામ ચલાવાય છે : જો કે કીલોમીટર પુરા થઇ ગયા હોય તેવી એકપણ બસ નથી**





ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપોમાં આજે નવી બસોના લોકાર્પણનો સમારોહ યોજવામાં આવ્યો હતો રાજયના વિવિધ ડેપો માટે વાહન વ્યવહાર નિગમ દ્વારા ૨૫૧ જેટલી બસો ફાળવવામાં આવી હતી જયારે આ પૈકી ગાંધીનગર ડેપોને પણ બે નવી બસ મળી હતી અગાઉ ડેપોને ૧૭ નવી ઈલેક્ટ્રીક બસો આપવામાં આવી હતી જયારે આગામી દિવસોમાં વધુ ૧૫ બસો ફાળવવામાં આવશે. જેના અંતે ડેપોમાં તબક્કાવાર મુસાફરોને તમામ રૂટમાં આરામદાયક અને સુવિધાયુકત મુસાફરીનો લાભ મળશે.

ગાંધીનગર એસ ટી ડેપોને અગાઉ ૧૭ ઈલેક્ટ્રીક બસો નવી ફાળવવામાં આવી હતી જયારે આજે નવી બસોના લોકાર્પણ દરમિયાન ડેપોને નવી બે બસો આપવામાં આવી છે. ગુજરાત વાહન વ્યવહાર નિગમ દ્વારા શહેરના એસ ટી ડેપો ખાતે બી એસ -૦૬ નોર્મ્સ ધરાવતી ૨૫૧ તેમજ ૩ એલ એન જી બસનો લોકાર્પણ સમારોહ યોજવામાં આવ્યો હતો. વાહન વ્યવહાર મંત્રી પુર્ણેશ મોદી તેમજ રાજય કક્ષાના મંત્રી અરવિંદ રૈયાણીની ઉપસ્થિતિમાં બસોનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ જયારે આ નવી બસો જરૂરિયાત મુજબ વિવિધ ડેપોને ફાળવવામાં આવી છે જેના અંતે સલામત સવારીમાં મુસાફરી કરતા આમ નાગરિકોને વધુ સુવિધા મળી રહેશે જયારે ગાંધીનગર ડેપોને પણ બે નવી ડિઝલ બસો ફાળવવામાં આવી છે. અગાઉ ડેપોને ૧૭ ઈલેક્ટ્રીક બસો સોંપવામાં આવતા હાલ પણ ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં અપડાઉનકર્તાઓ આરામદાયક મુસાફરી કરી રહ્યા છે. જયારે આજે વધુ બે નવી બસો મળતા ડેપોમાં નવી બસોની સંખ્યા કુલ ૧૯ની થઈ છે. ગાંધીનગર એસ ટી ડેપો કક્ષાએથી શહેરી બસ સેવાના વિવિધ રૂટ સહીતના વિસ્તારમાં અંદાજિત ૮૪ બસોનુ સંચાલન કરવામાં આવે છે. જયારે આગામી દિવસોમાં ડેપોને વધુ ૧૫ નવી ડિઝલ બસો ફાળવવા માટેનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેના લીધે ગાંધીનગર અમદવાદ વચ્ચે અપડાઉન કર્તા મુસાફરોન વધુ સુવિધાયુક્ત અને આરામદાયક મુસાફરી મળશે જો કે વર્ષો પુર્વે ડેપોની બસો બ્રેક ડાઉન થતી હોવાની ફરિયાદો વધુ જોવા મળતી હતી. જયારે હવે કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસો ડેપોમાં ન હોવાથી મુસાફરોને હાલાકી વેઠવી પડતી નથી પરંતુ તબક્કાવાર ડેપોમાં તમામ બસો નવી ફાળવી દેવાની પ્રક્રીયાના અંતે મુસાફરો માટે વધુ સારી સુવિધા ઉપલબ્ધ થશે. ડેપોને નવી બસો ફાળવવા સહીત ડેપો સંકુલમાં મુસાફરલક્ષી જરૂરી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ લાંબા સમયથી પ્રબળ બની છે. એકબાાજુ ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીનો પ્રશ્ન હજુ પણ વણઉકેલ્યો છે. અલબત્ત ડેપો સંકુલમાં રોજબરોજ પીક પોકેટીંગના લીધે મુસાફરોના ખિસ્સા કપાય છે. આ સ્થિતિને અનુલક્ષી ડેપો સંકુલમાં કાયમી પોલીસ પહેરો ગોઠવવામાં આવતો નથી. જયારે ગાંધીનગર ડેપોને અમદવાદની જેમ મોડેલ ડેપો બનાવાની યોજના સંદર્ભે પણ કામ હાથ ધરવામાં આવતુ નથી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com